# હનુમાન દાદાની જન્મ જયંતિની કેક કાપીને ઉજવણી

## ૩ લાખથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો : ડભોડા ખાતે વ્યવસ્થાના ભાગરુપે ૧૧૦ પોલીસ જવાનો અને ગામના સ્વંયમ સેવકો ખડેપગે હાજર રહ્યા

ગાંધીનગર, તા.૧૯ ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે આવેલા હનુમાન દાદાનું મંદિર વર્ષો જુનુ અને પૈરાણિક હોવાથી યાત્રાધામ તરીકે ખુબ જ વિકાસ પામ્યું છે. આજે ચૈત્રી સુદ પૂનમ અને હનુમાન જયંતિના પાવન પ્રસંગે રાજયભરમાંથી ભકતોનું ઘોડાપુર ઉમટ્યું હતું. આ હનુમાન જયંતિ પ્રસંગે મંદિર પરિસરમાં ભકતો દ્વારા ૨૫ હજાર લીટર તેલનો અભિષેક કરવામાં આવ્યો હતો. તો બીજીતરફ ભકતો દ્વારા ૧૫૧ કિલોની કેક કાપીને દાદાના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. સવારથી સાંજ સુધી ડભોડામાં હૈયે થી હૈયુ દળાય તેવી ભકતોની ભીડ જામી હતી. અંદાજીત ૪ લાખથી વધુ ભકતોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગ ખુબ શાંતિથી ઉજવાય અને વ્યવસ્થા સચવાય તેના ભાગરુપે ૧૧૦ પોલીસ જવાનો, હોમગાર્ડ અને સ્વંયમ સેવકો ખડેપગે હાજર રહ્યા હતા. મંદિર ખાતે સવારે ભવ્ય આરતી કરીને દાદાને તેલના ડબ્બા અર્પણ કરી ૧૦ હજાર કિલો બુંદીનું વિતરણ પ્રસાદ સ્વરુપે કરાયું હતું. સમગ્ર ડભોડા ગામના માર્ગો પર દાદાની ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે નીકાળવામાં આવી હતી જેમાં ભકતો સંગીતના સથવારે ઝુમી ઉઠ્યા હતા. ગામમાં અનોખી ભકિતનો માહોલ સર્જાયો હતો. ગામના યુવક-યુવતિઓ, મહિલાઓ સહિત મોટીસંખ્યામાં ભાવિભકતો શોભાયાત્રામાં જોડાયા હતા.

શોભાયાત્રા દરમિયાન ગામની ગલીઓ જય શ્રી રામ અને હનુમાનદાદા કી જય ના નારાથી ગુંજી ઉઠી હતી. આમ ડભોડા ખાતે હનુમાન જયંતિની ખુબ જ ભાવપૂર્વક ઉજવણી ભકતો દ્વારા કરવામાં આવી હતી.





## ચુનાવી ઝોલ મેં નેતાઓ કે બિગડતે બોલ...

- કોંગ્રેસને વોટ આપી તમારો વોટ બરબાદ ના કરશો, ગંદકી ખાવી હોય તો સીધી ખાજો, ચાંદીનો વરખ લગાડી ના ખાતા.

  **- આઝમખાન, સપા ઉમેદવાર, રામપુર**
- સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના નિવેદનથી "અજમલ કસાબના મિત્ર ભાજપ"નો દેશદ્રોહી ચહેરો ખુલ્લો પડી ગયો છે.

  **- રણદીપ સૂરજેવાલા, રાષ્ટ્રીય પ્રવક્તા, કોંગ્રેસ**
- છપ્પન ઈંચની છાતી ખચ્ચરની હોય, માણસની ના હોય.

  **- ડો. સી.જે. ચાવડા, ઉમેદવાર, ગાંધીનગર**



## આઈઆઈટી-જીની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થયા

ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એટલે કે આઈઆઈટી ગાંધીનગર દ્વારા તેની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે દસ વાર્ષિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થાની બિલ્ડીંગ એન્ડ વર્ક્સ કમિટીની ૫૦મી બેઠકનું પણ ઉજવણી કરવામાં આવી હતી. આ બેવડા પ્રસંગે સીપીડબલ્યુડીના સ્પેશ્યિલ ડાયરેક્ટર જનરલ ઉષા બત્રા, અમદાવાદની સેપ્ટના ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચરના પૂર્વ વિભાગીય અધ્યક્ષ પ્રો. નીલકંઠ છાયા, આઈઆઈટીજીના માસ્ટર પ્લાન આર્કિટેક્ટ વિનોદ ગુપ્તા તથા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. સુધીર જૈન સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# થપ્પડના રાજકારણને શહેર વખોડે છે



"જાહેરમાં થપ્પડની આ ઘટના યોગ્ય નથી. કોઈપણ પ્રકારનો રાજકીય બદલો આ રીતે ના હોય. થપ્પડ મારનાર વ્યક્તિ કેવા આક્રોશમાં કે દ્વિધામાં એવું તે શું સહન કર્યુ હશે. ભૂતકાળની કોઈ વાતનો રોષ પણ ઠાલવ્યો હોય, એ જે પણ હોય તે પરંતુ આ પ્રકારની વર્તણુંક યોગ્ય નથી. આમ નાગરીકોએ પણ આમાં પ્રોત્સાહીત થવું ન જોઈએ. પ્રચલીત થવા અને માઈલેજ લેવા પણ આવા સ્ટંટ થાય તે પણ બરાબર નથી."

**- કેતન પટેલ, યુવા નેતા ભાજપ,**

●●●



"થપ્પડ મારવાની આ ઘટનાને હું કડક શબ્દોમાં વખોડુ છુ. આ બનાવની ન્યાયિક તપાસ થવી જોઈએ. ઘણીવાર રાજકીય પાર્ટીઓ રાજકીય લાભ લેવા માટે આ પ્રકારના હુમલા કરાવી શકે છે. આ હુમલો નાગરીકોની હમદર્દી લેવા માટેનો પણ હોઈ શકે છે."

**- મયુર પટેલ (બાબા) મહામંત્રી, કિસાન મોરચો**

●●●



"દિલ્હી કમલમ ખાતે અને હાર્દિક પર શુક્રવારના રોજ જાહેરસભામાં થયેલો હુમલો એ કોંગ્રેસ પ્રેરીત છે. આ પ્રકારના હુમલા કરાવી નાગરીકોની સહાનુભૂતિ મેળવવી એ કોંગ્રેસની માનસીકતા થઈ ગઈ છે. આ લોકશાહીમાં આ પ્રકારની ઘટના ન બનવી જોઈએ અને આ ઘટનાઓને સખ્ત શબ્દોમાં વખોડુ છુ."

**- અમિત પટેલ, પૂર્વ પ્રમુખ ભાજપ યુવા મોરચો**

●●●



"આ ઘટનાને હુ સખ્ત શબ્દોમાં વખોડુ છુ. રાજકારણનું સ્તર નિમ્નસ્તરે ઉતરી રહ્યું છે. કોઈપણ વ્યક્તિ સાથે વિખવાદ કે આતંરીક મનદુ:ખ હોય અથવા રાજકીય કિન્નાખોરી હોય તો પણ આ કક્ષાએ જાહેર મંચ પર હાથ ચાલાકી કરવી ખુબ જ અયોગ્ય છે. ઘટનાની સંપૂર્ણપણે નિષ્પક્ષ અને તટસ્થ તપાસ થવી જોઈએ."

**- યુનુસ પરમાર, યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ**



"હાર્દિક પટેલ પર જે ઘટના બની તે ખુબ જ નિંદનીય છે. ભારતદેશ એ લોકશાહીમાં માનવાવાળો દેશ છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભારત દેશની અંદર લોકશાહી જેવુ કંઈ રહ્યું જ ના હોય તેમ લાગી રહ્યું છે. રાજકારણની અંદર હાર-જીત થતી રહેતી હોય છે. પણ તેમાં કોઈને નીચા દેખાડી, અપમાન કરી આવી ગંદી રાજનીતિ રમવી અને પોતાની મહત્વાકાંક્ષા સંતોષવી તે કોઈના માટે સારી બાબત નથી. લોકશાહીનું ખૂન કરીને કોઈની લાગણીને ઠેસ પહોંચે તેવું વર્તન કરે તે યોગ્ય નથી."

**- અમિત પારેખ, મહામંત્રી એનએસયુઆઈ, ગુજરાત પ્રદેશ**

●●●



"આ ભાજપ પ્રેરિત છે તમે જો ભાજપમાં જોડાવ અને પ્રચાર કરો તો તમે મહાત્મા અને બીજી પાર્ટી સાથે જોડાવ અને પ્રચાર કરો તો તમારા પર આવા હુમલા કરાય. અનામત માંગ્યુ ત્યારે ક્યારેય ન લાગુ પડેલા કાયદા એને ગુન્હાઓ લાગુ પડી ગયા અને હાર્દિકને ૯ મહિના જેલમાં પૂર્યો અને આજે તેના પર હુમલા થાય છે. રાજકારણની જગ્યાએ દેશની દિશા જ બદલાઈ ગઈ છે."

**- રજનીકાંત પટેલ, ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ**

●●●



"કોઈપણ સમાજને ગુમરાહ કરીને પોતાના અંગત સ્વાર્થ સિદ્ધ કરવા માટે અને રાજકીય લાભ લઈને મોટો હોદ્દો પડાવી લેવાની અને ધનવાન બનવાની લાલચ રાખનાર વ્યક્તિને જાહેરમાં આવા જ પાઠ ભણાવવા પડે ત્યારે જ એમને ભાન થાય અને દાખલો બેસાડી શકાય."

**- વિનોદ ઉદેચા, મીડીયા સેલ, ભાજપ**

●●●



"હાર્દિક પટેલ આરક્ષણનો મુદ્દો લઈ આવ્યા હતા. અત્યારે લાફો મારવામાં આવ્યો એ જનતાનો ક્રોધ છે. જે લેવલ પર હાર્દિક આગળ વધી રહ્યો છે તે બાબતે જનતાની આ પ્રતિક્રિયા છે."

**- કિર્તન પારેખ**

# હાઈકમાન્ડની સૂચના પછી નારાજ સમાજોને મનાવવા ભાજપના પ્રયાસો

લોકસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજ્યમાં ફરીથી તમામ ૨૬ બેઠકો જીતવા ભાજપ શામ, દામ, દંડ અને ભેદની ચાણક્ય નીતિ અપનાવી રહ્યું છે. જેના ભાગરૂપે ભાજપથી નારાજ મનાતા તમામ સમાજના આગેવાનો મનાવીની નારાજગી દૂર કરવાના પ્રયાસમાં ભાજપ લાગેલું છે. ભાજપની વોટબેન્ક ગણાતાં પાટીદાર મતદારો આ વખતે ફરી એકવાર ભાજપના જ હાથમાંથી સરકી જાય તેવી સ્થિતી સર્જાઇ છે. અનામત આંદોલન બાદ ભાજપથી નારાજ પાટીદાર અનામતનો પ્રશ્ન હલ થયા બાદ પણ ભાજપથી નાખુશ છે. એટલુ જ નહીં, ટિકિટની વહેંચણી સહિત અન્ય મુદ્દાઓના લઈને પાટીદારોમાં અડંરકરંટ જેવો માહોલ છે જેના પગલે ભાજપની નેતાઓએ ડેમેજકંટ્રોલ માટે દોડધામ મચાવી છે.

ઉલ્લેખનીય છે કે, એનઆરઆઈ પાટીદાર આગેવાન સી.કે.પટેલ વિશ્રવ ઉમિયા ધામ સાથે સક્રિય રીતે જોડાયેલા છે. રાજયમાં પાટીદાર સામજ માટે ગાંધીનગર પાસે ૧ હજાર કરોડ રૂ.ના ખર્ચે બની રહેલા સૌથી મોટા સંકુલના તાજેતરમાં થયેલા ભૂમિપૂજનના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીને આમંત્રણ આપનારા પણ સી.કે.પટેલ જ હતા. તેઓ સાબરકાંઠા બેઠક પર ભાજપની ટીકીટના મજબૂત દાવેદાર મનાતા હતા. પરંતુ ભાજપે આ બેઠક પર વર્તમાન સાંસદ દીપસિંહ રાઠોડને ટીકીટ આપીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. જેથી, પટેલ ભાજપથી નારાજ હોવાની વિગતો પણ બહાર આવવા પામી હતી.

અમદાવાદ પૂર્વમાં પાટીદારો હજુય ભાજપના ઉમેદવાર હસમુખ પટેલની તરફેણમાં નથી કેમકે, સી.કે.પટેલને વચન આપીને છેલ્લી ઘડીએ ટિકિટ ન અપાતાં પાટીદાર આગેવાનો ય નારાજ થયાં છે. પોરબંદરમાં વિઠ્ઠલ રાદડિયાનુ પત્તુ કપાતાં પાટીદાર સમર્થકો ભાજપની નારાજ છે. પાટીદાર યુવાઓ તો હજુય અનામત આંદોલનમાં પોલીસના જોરજુલમને લઈને રાજકીય બદલો લેવાના મતમાં છે. પાટીદાર પ્રભુત્વ બેઠકો પર અસર પહોંચી શકે છે. ઊંઝામાં પક્ષપલ્ટુ આશા પટેલને ટિકિટ અપાતાં પાટીદારો ભાજપને હરાવવા મેદાને પડયાં છે. પાટીદારોએ આશા પટેલનુ ચૂંટણી કાર્યાલય સુધ્ધાં બંધ કરાવી દીધાં છે. ઉંઝાના પડઘાં મહેસાણામાં પડયાં છે. અંહી ભાજપના ઉમેદવાર શારદાબેન પટેલને ય પાટીદારોની નારાજગીનો ભોગ બનવુ પડે તેમ છે. અમદાવાદમાં એસસી હાઈવે સ્થિત ઉમિયા કેમ્પસ પાટીદાર યુવાઓ એકઠાં થવાના હતાં. રૂ.૩૦ હજાર ડિપોઝીટ સુધ્ધાં અપાઈ હતી પણ છેલ્લી ઘડીએ ચૂંટણીપંચે આ હોલ પર કબજો જમાવી દીધો છે જેના કારણે પાટીદારો વધુ ભડક્યાં છે.

પાટીદારોએ હવે નવી સ્ટ્રેટેજી ઘડીને ખાનગી બેઠકોનો દોર શરુ કર્યો છે જેની ગંધ આવી જતા ભાજપ સમર્થક પાટીદારો આગેવાનો નારાજ પાટીદારોને મનાવવા કામે લાગ્યાં છે. ભાજપવિરોધી પાટીદાર યુવા નેતાઓ પર ભાજપ-પોલીસે બાજનજર રાખી છે. ગુજરાતમાં પાટીદારોની નારાજગી ભાજપને ભારે પડી શકે છે તે જોતાં ડેમેજકંટ્રોલ કરવા ભાજપ સક્રિય બન્યુ છે.

# મોદીનું ગુજરાતમાં લાંબુ રોકાણ : ૨૧ થી ૨૩ અપ્રિલે આવશે, મતદાન કરશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે ગુજરાત આવી રહ્યાં છે. તેમણે તેમનો મત અમદાવાદના રાણીપ વિસ્તારમાં



આપવાનો હોય છે. પ્રત્યેક ચૂંટણીમાં મોદી રાણીપથી મતદાન કરે છે.

વડાપ્રધાન ૨૧મી એપ્રિલે ગુજરાત આવી રહ્યાં છે. તેઓ ૨૩મી સુધી ગુજરાતમાં રોકાવાના છે. ૨૧મીએ તેઓ પાટણ, મહેસાણા અને બનાસકાંઠામાં જનસભાઓ કરશે, કે જ્યાં ભાજપના ઉમેદવારને વિજયમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૨મી એપ્રિલે સાંજે મોદી ગુજરાતના રાજભવનમાં રાત્રી નિવાસ કરશે.

મોદી ૨૩મીએ મતદાનના દિવસે અમદાવાદમાં મતદાન કરશે. આ અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સમયે મોદી સામે આચાર સંહિતા ભંગની ફરિયાદ નોંધવામાં આવી હતી. તેમણે મતદાન મથકના નિયત વિસ્તારમાં ભાજપના કમળ સાથે મતદારોની સેલ્ફી લીધી હતી, જો કે ભારતના ચૂંટણી પંચમાં આ સેલ્ફીનો આરોપ સાબિત થઈ શક્યો ન હતો.

ભાજપના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ગુજરાતમાં ભાજપ માટે ૧૦ જેટલી બેઠકો નબળી હોવાથી નરેન્દ્ર મોદીને વારંવાર ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવવું પડે છે. ગુજરાત પ્રદેશના નેતાઓ ભાજપ માટે સ્થિતિ સુધારી શકતા નથી તેથી સ્ટાર પ્રચારક મોદીનો ઉપયોગ કરવો પડે છે. મોદીને દેશના ૨૯ રાજ્યોમાં ચૂંટણી પ્રવાસ કરવાનો હોય છે પરંતુ મોદીએ ગુજરાતમાં સૌથી વધુ સમય ફાળવ્યો છે, કારણ કે ભાજપના સર્વેમાં ગુજરાતની સ્થિતિ સારી નથી.

વડાપ્રધાન કક્ષાના કોઈ મહાનુભાવ ગુજરાતમાં આટલા બધા દિવસ રોકાઈને એક દિવસમાં ત્રણ ત્રણ સભાઓ કરે તે પાર્ટી માટે શરમજનક સ્થિતિ છે. પાર્ટીના એક સિનિયર મંત્રીએ કહ્યું હતું કે ગુજરાતમાં જો મોદી ચૂંટણી પ્રચાર કરવા આવે નહીં તો ભાજપને ૧૦ થી વધારે બેઠકો મળી શકે તેમ નથી.

ગુજરાતમાં ૨૩મી એપ્રિલે મતદાન છે. આ દિવસે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ અમદાવાદમાં મતદાન કરશે.




લાલકૃષ્ણ અડવાણી જ્યારે ગાંધીનગરના સાંસદ હતા ત્યારે તેઓ પ્રત્યેક વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે ગુજરાત આવે છે. આ વખતે તેઓ ઉમેદવાર નથી તેથી તેઓ અમદાવાદમાં મતદાન કરવા આવે તેવી સંભાવના નથી.

# ગુજરાતમાં યુવા નેતાઓ બદલા લઈ રહ્યાં છે, અલ્પેશ અને હાર્દિક આમને-સામને

ગુજરાતમાં ૨૦૧૫માં આનંદીબેન પટેલની સરકારમાં શરૂ થયેલા પાટીદાર અને ઠાકોર આંદોલનોમાં અત્યારે યુવા નેતાઓ એક બીજાના બદલા લઈ રહ્યાં છે. રેશ્મા પટેલ પાટીદારો પાસે મતોની ભીખ માગી રહી છે જ્યારે અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલ સામસામે આવી ગયા છે.

હાર્દિક પટેલ કહે છે કે અલ્પેશે કોંગ્રેસ છોડીને પાર્ટી સાથે દ્રોહ કર્યો છે. કોંગ્રેસે અલ્પેશ ઠાકોરને ઘણું આપ્યું છે. હોદ્દા અને માન પણ આપેલા છે છતાં તેણે પાર્ટી સાથે ગદ્દારી કરી છે. બીજી તરફ અલ્પેશ ઠાકોરે તેનો ગોલ સેટ કરતાં કહ્યું કે હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલન શરૂ કરીને ૧૪ યુવા પાટીદારોને મોત આપ્યું છે. હાર્દિક પટેલના કારણે આ મોત થયાં છે.

ગુજરાતમાં ૨૩મી એપ્રિલે મતદાન છે ત્યારે તે પહેલાં આંદોલનકારીઓ સામસામે આવી ગયા છે. સુરેન્દ્રનગરમાં ચૂંટણી મંચ પર જઈને હાર્દિક પટેલને થપ્પડ મારનાર તરૂણ ગજ્જરના ભાજપ સાથે સબંધ છે અને હાર્દિક પટેલના સાથીદારો દ્વારા એવું કહેવાય છે કે ભાજપના એક ટોચના નેતાએ હાર્દિકને થપ્પડ મારવા માટે રૂપિયા આપ્યા છે. થપ્પડ માર્યા પછી હાર્દિકના સાથીદારોએ તરૂણ ગજ્જરને કપડાં કાઢીને માયો હતો. આ તબક્કે અલ્પેશ ઠાકોરે કહ્યુંહતુંકે હાર્દિક પટેલે સંયમ રાખવો જોઈએ.

હાર્દિકે કહ્યું હતું કે ભાજપના નેતાઓ હાર સહન કરી શકતા નથી. ચૂંટણીમાં કોંગ્રેસને વધારે બેઠકો મળતી હોવાનું લાગતા ભાજપના કાર્યકરો મારામારી પર ઉતરી આવ્યા છે. ભાજપના નેતાઓ મને મારી નાંખવા માગે છે. આજે થપ્પડ મારી છે તો કાલે મને ગોળી પણ મારી શકે છે. તેણે વઢવાણ પોલીસ મથકમાં તરૂણ સામે ફરિયાદ દાખલ કરાવી છે.





બીજી તરફ ચૂંટણી પ્રચાર કરવા નિકળેલા રેશ્મા પટેલ પર પણ હુમલો થયો હતો. તેણીને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેણે પણ ભાજપ પર આરોપ લગાવ્યો છે. લોકસભાની ચૂંટણીમાં પ્રત્યેક યુવા નેતાઓ તેમનો સ્કોર સેટ કરવા નિકળ્યા છે. ઠાકોર સેનાના પ્રમુખ અને કોંગ્રેસના પૂર્વ નેતા અલ્પેશ ઠાકોર પાસે હવે ઠાકોર સેના રહી નથી. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા પછી ઠાકોર સેનાના ૨૫ હોદ્દેદારોએ કોંગ્રેસના ધારાસભ્ય ભરત ઠાકોર સહિત રાજીનામાં આપી દીધાં છે.

# ચૂંટણી દરમિયાન કેન્દ્રીય ચૂંટણી પંચના ઓફિસરો ગુજરાત ન આવ્યા

ગુજરાતમાં પહેલીવાર એવું બન્યું છે કે ભારતના ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ લોકસભાની ચૂંટણી દરમ્યાન કામગીરીની સમીક્ષા કરવા ગુજરાતની મુલાકાતે આવ્યા નથી. છેલ્લા એક મહિનામાં કોઈપણ ચૂંટણી કમિશનર ગુજરાતમાં આવ્યા નથી. રાજ્યમાં જ્યારે વિધાનસભા અને લોકસભાની ચૂંટણી હોય છે ત્યારે દિલ્હીના આ ઓફિસરો ગુજરાતની સમીક્ષા માટે આવતા હોય છે.

બીજી તરફ ગુજરાતમાં ચૂંટણી પંચ સામે આચાર સંહિતા ભંગની અનેક ફરિયાદો આવી છે છતાં રાજ્યના નિર્વાચન અધિકારી કોઈ પગલાં લઈ શકતા નથી. મધુ શ્રીવાસ્તવ હોય કે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘણી હોય કોઈપણ રાજકીય નેતા સામે દાખલો બેસે તેવા પગલાં લેવામાં આવ્યા નથી. દિલ્હીના ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ચૂંટણી પ્રચાર કરતાં રોક્યા હતા તેમ ગુજરાતમાં આવા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. કોંગ્રેસના નેતાઓ આરોપ મૂકે છે કે ચૂંટણી પંચ બેવડાં ધોરણો અપનાવે છે. ભાજપની ભૂલો સામે પગલાં લેવાતા નથી અને કોંગ્રેસના નેતાઓને નોટીસો અપાય છે.

ચૂંટણી પંચે ધાર્યું હોત તો મધુ શ્રીવાસ્તવને બે દિવસ સુધી ચૂંટણી પ્રચાર નહીં કરવાની સજા કરી શક્યું હોત પરંતુ નોટીસ આપીને તેમને મુક્ત કરી દેવામાં આવ્યા છે. વડાપ્રધાનની સભાઓમાં મોદીના ફોટાવાળા ટીશર્ટ પહેરીને યુવાનો ઉપસ્થિત રહે છે છતાં ચૂંટણી પંચને તેમાં કોઈ ભંગ લાગતો નથી. પાટણની જાહેર સભામાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની મોડાં પડતાં શ્રોતાઓ સભાસ્થળ છોડીને જતા રહ્યાં હતા ત્યારે તેમને અટકાવવા માટે રૂપિયા આપતો વિડીયો વાયરલ થયા પછી પણ કોઈ પગલાં લેવાયા નથી.

ગુજરાતના નિર્વાચન અધિકારીએ અગાઉ કહ્યું હતું કે કોઈપણ નેતાના ફોટા સાથેના ટીશર્ટ કે સાડી મતદારોને આપવી તે આચાર સંહિતાનો ભંગ છે પરંતુ જનસભામાં ચૂંટણી પંચે જાણે કે આ પ્રવૃત્તિને સ્વિકૃતિ આપી દીધી હોય તેમ લાગે છે. મોદીની હિમતનગરની જનસભામાં યુવાનો મોદીના ફોટા સાથે મેં ભી ચોકીદાર હૂં ના સૂત્રવાળા ટીશર્ટ પહેલીને સૂત્રોચ્ચાર કરતાં હતા છતાં પંચના વિડીયો રેકોડિંગમાં આવ્યું નથી. ભાજપના પ્રદેશ પ્રમુખ કોંગ્રેસને ગાળો બોલે તે આચાર સંહિતાનો ભંગ નથી પરંતુ કોંગ્રેસનો કોઈ નેતા ભાજપને ગાળ બોલે તો તેને આચાર સંહિતાનો ભંગ કહેવાય છે.

ચૂંટણી આચાર સંહિતા પછી ગુજરાતના શહેરી માર્ગો પર મોદીના ફોટા સાથેના બેનરો લાગ્યા છે પરંતુ ચૂંટણી પંચ એવું કહી છટકી જાય છે કે આ બેનરો માટેની કોર્પોરેશને મંજૂરી આપી છે. જો કે મંજૂરી આપનારા ભાજપના જ પદાધિકારીઓ હોય છેં સવા લાખ જેટલા બેનરો અને પોસ્ટરો ઉતારી હોવાનો દાવો કરતાં ચૂંટણી પંચના અધિકારીઓ સત્તાધારી પાર્ટીના નેતાઓની કેટલીક પ્રવૃત્તિઓ નજર અંદાજ કરે છે તેવો આક્ષેપ કોંગ્રેસના પ્રવક્તા મનીશ દોશીએ કર્યો છે.